**વંથલીના સીનીયર સીવીલ જજ અને ચીફ જયુડી. મેજી. સાહેબની કોર્ટ–મુ. વંથલી.**

**<u>ફો.કેસ નં. ૩૫૧/૨૦૨૬.</u>**

**આંક–૦૫**

શ્રી સ ર કા ર ...... **ફરીયાદી**

**<u>વિરૂઘ્ઘ.</u>**

આશીષભાઈ માધાભાઈ સોંદરવા
ઉ.વ. ૩૨, ધંધો–મજુરી.
રહે.વસપડા. **......આરોપી**

**<u>તહોમત</u>** :– પ્રોહી.એકટની કલમ–૬૬(૧) બી મુજબ.

**–: <u>ઠ રા વ</u> :–**

**(૦૧)** ફરીયાદ પક્ષનાં કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા. ૨૦/૦૫/૨૦૨૬ ના કલાક ૧૫–૫૦ વાગ્યાના અરસામાં વંથલીના વસપડા ગામે જાહેરમાં ગે.કા.પાસ પરમીટ વગર કેફી પીણું પીધેલ હાલતમાં ચલાવી આવી મળી આવી પ્રોહી.એકટની કલમ–૬૬(૧) બી મુજબનો શિક્ષા પાત્ર ગુનો કરેલ છે.

**(૦૨)** સદર કામે આરોપીની આંક–૦૨ થી ગુન્હો કબુલાતની પુરસીસ આપેલ હોય અને આરોપીની આંક–૦૩ થી પ્લી લેવામાં આવતાં આરોપીએ ગુનો કબુલ કરેલ છે. જેથી આંક–૦૨ થી આરોપીએ આપેલ કબુલાત પુરસીસ અને આંક–૦૩ ની પ્લી ધ્યાને લેતાં આરોપીએ તેનાં વિરૂઘ્ધના ગુન્હાની કબુલાત કરેલ છે. આરોપીની કબુલાત સ્વેચ્છા પુર્વક હોય જે સ્વીકાર્ય છે અને આરોપીને સજા અંગે પુછતા જણાવે છે કે, તેમની સામેનો સદર ગુનો તેઓ સ્વેચ્છાએ કબુલ કરે છે અને તેમના કુટુબનું તેઓ માંડ માંડ પુરા કરે છે. તેઓ અન્ય ગુનામાં સંડોવાયેલા નથી. જેથી ન્યાયના હીતમાં દયા લાવવા અરજ કરેલ છે. પ્રોહી. એકટની કલમ–૬૬(૧) બી હેઠળ કેદની સજા અથવા રૂા.૨૦૦/– સુધીની દંડની શિક્ષા અથવા એ બં

ને પાત્ર થશે તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે. આરોપીની રજુઆત ધ્યાને લેતાં તથા આરોપી વિરૂધ્ધ જે ગુન્હો છે તે ધ્યાને લેતાં તથા આરોપીની ઉંમર તથા આરોપીની સામાજીક સ્થિતી ધ્યાને લેતાં, આરોપીને સુધરવાની તક આપવી જોઈએ. પ્રોહી.એકટની કલમ–૬૬(૧ )બી કાયદાની જોગવાઈ ધ્યાને લેતાં તથા ઉપરોકત ચર્ચા કરી તે તમામ વિગતો ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>–:હુકમ :–</u>**

૧. બી.એન.એસ.એસ.ની કલમ–૨૭૫ અન્વયે આરોપી આશીષભાઈ માધાભાઈ સોંદરવા , રહે.વસપડા,તાવંથલીવાળાને પ્રોહી.એકટની કલમ–૬૬(૧) બી મુજબનાં ગુન્હામાં તકસીરવાન ઠરાવવામાં આવે છે અને આરોપીને રૂા.૨૦૦/– (અંકે રૂપીયા બસો પુરા) દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ દંડ ભરવામાં કસુર થયે આરોપીને દિન–૧૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ <u>તારીખઃ ૧૧ મી માહે–જુલાઈ સને–૨૦૨૬</u> નાં રોજ સ્પેશ્યલ સીટીંગમાં ખુલ્લી અદાલતમાં વાંચી–સંભળાવી જાહેર કર્યો.

મુ.વંથલી.
તા.૧૧/૦૭/૨૦૨૬

(અનુભવ પાંડે)
એડી. ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ, વંથલી.
Code No.GJ01133